જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૪૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૩૯૩ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૯૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૪૫/૨૦૨૫**

કાલુપુરઃ રવિ ભાઈલાલભાઈ ખલાસ (ઉ.વ.૩૧) (રહે. જગાનાયકનો ખાંચો ઘનાસુથારની પોળ કાલુપુર) એ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૫ બપોરના ૦૧/૦૦ થી તા.૧૮/૦૮/૨૦૨૫ બપોરના ૦૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાર્ટ ટાઇમ નોકરીના બહાને અલગ–અલગ ટેલીગ્રામ ગૃપના એડમીન અને જુદા–જુદા બેંક ખાતાના ધારકોએ રવિ ખલાસના મોબાઈલ ઉપર સંપર્ક કરી ટેલીગ્રામ ગૃપના એડમીન દ્વારા ટેલીગ્રામ ગૃપમાં જોડાઇ ટાસ્ક પુરા કરશો તો પૈસા મળશે તેવુ જણાવી રવિ ખલાસને ટાસ્ક આપતા જે ટાસ્ક પુરા કરતા તેનું વળતર આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ અલગ–અલગ ટાસ્ક આપી તેઓના જુદા–જુદા બેંક ખાતામાં ઓનલાઇન કુલ રૂપિયા ૨,૧૦,૦૦૦/– ટ્રાન્સફર કરાવી નાણાં પરત નહી આપી રવિ ખલાસ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૪૬/૨૦૨૫**

મણિનગરઃ કાજલબહેન ધર્મેન્દ્રભાઈ હોતચંદાણી (રહે. હરીકિષ્ના ફ્લેટ ઘબકાર હોસ્પીટલ સામે મણિનગર) એ મણિનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૧૫ થી બપોરના ૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના, ચાંદીના સિક્કા નંગ–૦૨, રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૯,૯૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.પરમાર ચલાવે છે.

લુંટઃ– **સમાચાર યાદી નં.૧૭૪૭/૨૦૨૫**

સરખેજઃ ધૃવ દિલીપભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે. સિધ્ધેશ્વર બંગલોઝ સ્ટાન્ઝા ફલેટની બાજુમાં ઓ સેવન કલબની બાજુમાં શેલા બોપલ) તા.૧૦/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૩૦ વાગ્યાના સુમારે પોતાની કાર ચલાવી સરખેજ એસ.પી.રીંગ રોડ ખેતલા આપા હોટલ નજીક સર્વિસ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કારની પાછળથી એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે ચાલુ ગાડીએ ધૃવ ચૌહાણની કારની બાજુમાં આવી "ગાડી જોઇને ચલાવને મને વાગ્યું" તેમ કહી તેનું મોટર સાયકલ ધૃવ ચૌહાણની કાર આગળ ઉભુ રાખી બોલાચાલી કરી વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા. દરમ્યાન અન્ય મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ધૃવ ચૌહાણની કારમાંથી લેપટોપ બેગ લુંટ કરી લઈ નાસી ગયા હતા. જે લેપટોપ બેગમાં એચ.પી.કંપનીનું લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૯,૨૦,૦૦૦/– હતા. આ અંગેની ફરીયાદ ધૃવ ચૌહાણે સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.બોળીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૪૮/૨૦૨૫**

ચાંદખેડાઃ દેવીકાબહેન ડો/ઓ ભરતભાઇ સોલંકી (ઉ.વ.૨૩) (રહે. સમન્વય ગ્લોરીયસ ઘરતી સિલ્વર સામે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૫ સાંજના ૫/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એન.ગઢવી ચલાવે છે.

આનંદનગરઃ આનંદનગર રેડીયોમીર્ચી રોડ ગુરુકૃપા સોસાયટી ખાતે રહેતા ત્યાં જ મજુરી કામ કરતા જ્યોત્સનાબહેન વા/ઓ અશ્વીનભાઇ સંગાડા (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ–થેરકા તા.–ઝાલોદ જી–દાહોદ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નવા બનતા મકાનના ત્રીજા માળે બાથરુમની દીવાલ ઉપર રાખેલ લાકડાના ટેકા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગાભાભાઇ ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ જી.આઇ.ડી.સી.રોડ નંબર–૨૫ શેડ નંબર–૨૯ "રતન પ્લાસ્ટીક" ખાતે રહેતા સંજયકુમાર સ/ઓ જીવા ખરાડી (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ–બુદરા તા.–નવાગામ જી–ઉદયપુર રાજસ્થાન) નાઓએ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે બાજુના શેડ નંબર–એલ/૩૦ ના ઘાબા ઉપર પતરાના શેડની લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

નારોલઃ નારોલ કોઝી હોટેલ સામે જીંદાલ કંપનીના છાપરાં ખાતે રહેતા સુમિત કિશ્નાકુમાર રાવત (ઉ.વ.૧૯) (મુળ વત. ગામ–અમઝાર પો–પથારા અમરપાટન જી–સતના મધ્યપ્રદેશ) નાઓએ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નવલસંગ અગરસંગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી